### પંચમહાલ-દાહોદ જિલ્લામાં મેઘમેહર વરસી : વાતાવરણમાં ઠંડક પ્રસરી : ખેડૂતોમાં આનંદની લાગણી

# મેઘરાજાની પધરામણીથી દાહોદ જિલ્લાના જળાશયોમાં નવા નીરની આવક

## ધીમીધારે વરસાદ વરસતા ધરતીપુત્રો ખેતીકામમાં જોતરાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.23

દાહોદ જિલ્લામાં ધીમી ધારે વરસાદ વરસતા જિલ્લાના ડેમો માં નવા નિરની આવક શરૂ થઈ છે જોકે હજુ સુધી પાણીની આવક સામાન્ય થઈ હોવાનું જોવા મળી રહ્યું છે જિલ્લાના ડેમોમાં પાણીના સ્તર જોઈએ પાટાડુંગરીમાં ૧૭૦.૮ મીટર સામે ૧૯૯.૫૧ મીટર માછનનાળામાં ૨૭૭.૪૫ લિટર સામે ૨૭૪.૫૦ મીટર કાલી ટુમાં ૨૫૭ મીટર સામે ૨૭૩૯૦ મીટર ઉમરીયા માં ૨૮૦ મીટર સામે ૨૭૭ ૫૦ મીટર અદલવાડામાં ૨૩૭.૩૦ મીટર સામે ૨૩૪.૫૦ મીટર કબૂતરીમાં ૧૮૬.૩૦ મીટર સામે ૧૮૨.૯૫ મીટર અનેહડફ ડેમમાં ૧૯૯ મીટર સામે ૧૯૩.૭૫ મીટર પાણીના સ્તર પહોંચ્યા છે જો કે જિલ્લાના ડેમોમાં અત્યારે પાણીની આવક નજીવી થઈ છે પરંતુ આવનારા દિવસોમાં સારો વરસાદ વરસે અને જિલ્લાના ડેમોમાં પાણીની આવક ભરપૂર તેવી આશા સેવાઈ રહિ છે રહે દાહોદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં લાંબા વિરામ બાદ ગતરોજ સાંજે મેઘરાજાની પુનઃ પધરામણી થતાં સર્વત્ર ઠંડક પ્રસરી જવા પામી છે. તેમજ પાકને જીવત દાન મળતા ધરતીપુત્રોમાં ખુશીની લહેર ફેલાવા પામી છે. દાહોદ શહેર સહિત જિલ્લામાં સિઝનના આરંભમાં





મેઘરાજાની તોફાની બેટિંગ બાદ ધરતીપુત્રોએ પોતાના ખેતર ખેડી તેમાં બિયારણનું વાવેતર પણ કરી દીધું હતું. ત્યારબાદ મેઘરાજાએ લાંબો વિરામ લેતા જિલ્લા વાસીઓ અસહ્ય બફારાથી ત્રાહિમામ પોકારી ગયા હતા અને પાક નિષ્ફળ જવાની તેમજ સૂકા દુષ્કાળની ભીતી સેવાઈ રહી હતી અને ધરતીપુત્રો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા હતા તેવા સમયે લાંબા વિરામ બાદ દાહોદ શહેર સહિત જિલ્લામાં મેઘરાજાની પુના પધરામણી થઈ હતી અને સર્વત્ર ઠંડક પ્રસરી જવા પામી છે. જેથી અસહ્ય ગરમીથી ત્રાહિમામ પોકાર ગયેલા જિલ્લા વાસીઓને ગરમી તેમજ બફારા થી છુટકારો મળ્યો છે. ગઈકાલ સાંજથી આજે સવારના ૧૦ વાગ્યા સુધીમાં દાહોદ શહેર તેમજ તાલુકામાં ૨૯ મીમી જેટલો વરસાદ નોંધાયો છે

જ્યારે દાહોદ જિલ્લાના કુલ વરસાદની વાત કરીએ તો દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં આ સિઝનનો અત્યાર સુધીનો કુલ વરસાદ ૧૪૫ મિલી મીટર, ઝાલોદ તાલુકાનો ૧૦૩ મિલીમીટર, લીમખેડા તાલુકાનો ૧૨૯ મિલિમિટર, દાહોદ તાલુકાનો ૧૬૬ મિલિમિટર, ગરબાડા તાલુકાનો ૧૯૦ મીલીમીટર, દેવગઢબારિયા તાલુકાનો ૧૪૪ મીલીમીટર, ધાનપુર તાલુકાનો ૧૦૧ મિલી મીટર, સંજેલી તાલુકાનો ૭૮ મિલીમીટર, સિંગવડ તાલુકાનો ૭૯ મિલીમીટર, ગોવિંદ ગુરુલીમડી તાલુકાનો ૮૫ મિલીમીટર તથા સુખસર તાલુકાનો ૮૯મિલી મીટર વરસાદના અહેવાલ છે.

દાહોદ સહિત જિલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે વરસાદ ખૂબ જ ઓછો હોવાનું હાલના વરસાદના આંકડા પરથી લાગી રહ્યું છે. મેઘરાજાની પ્રથમ પધરામણી બાદ શહેર સહિત જિલ્લામાં મેઘરાજાએ લાંબો વિરામ લેતા ધરતીપુત્રોને પોતાનો પાક નિષ્ફળ જુવાનો ભય સતાવી રહ્યો હતો.

એક તરફ વરસાદ ખેંચાતા હૈ ગરમી અને ભારે બફારાને કારણે જિલ્લાની જનતા ત્રાહિમામ પોકારી ગઈ હતી. અને વાતાવરણ બદલાતા ખાંસી શરદી, તાવ તેમજ વાઈરલ ઈન્ફેક્શનના દર્દીઓની સંખ્યામાં એકાએક વધારો જોવા મળ્યો છે. અને દુષ્કાળના એંધાણો વર્તાવા માંડ્યા હતા. વરસાદે લાંબો વિરામ લેતા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોએ મેઘરાજાને નોતરવા વિવિધ પ્રકારના ટોટકા તેમજ પરંપરા મુજબ ચાલી આવતી ધાર્મિક વિધિ વગેરેનો સહારો લીધો હતો.

### દાહોદમાં વરસાદનો આંક ૬.૫ ઇંચે પહોંચ્યો

દાહોદ શહેરમાં બે દિવસથી વરસાદ ધીમીધારે વરસી રહ્યો છે આજે તારીખ ૨૩ના રોજ સવારે 7:00 થી ૮ દરમિયાન ચાર મીલીમીટર ત્યારબાદ આઠ થી દસ કલાક દરમિયાન ૧૦ મળી કુલ ૧૪ મીલીમીટર વરસાદ નોંધાયો છે આ સાથે દાહોદમાં વરસાદનો કુલ આંક ૧૬૬ મિલિમિટર એટલે અત્યાર સુધીમાં ૬.૫ ઇંચ વરસાદ વરસ્યો હોવાનું નોંધાયુ છે દાહોદ શહેર સહિત જિલ્લામાં મેઘરાજાની પુનઃપધરામણી થઈ છે. જેથી ધરતીપુત્રોને સારો પાક થવાની આશાઓ બંધાઈ છે. જેને પગલે ધરતી પુત્રોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

### આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી

# દાહોદ જિલ્લામાં ભારે વરસાદ વચ્ચે તંત્રને એલર્ટ મોડ પર રહેવા સૂચના

(પ્રતિનિધિ) ગોધરા, તા.23

દાહોદ જિલ્લામાં વરસાદના રેડ એલર્ટના પગલે શાળાઓ કોલેજો-આંગણવાડીઓ તા 24/07/2026 ના શુકવારના રોજ રજા જાહેર કરાઈ છે દાહોદ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને ધ્યામાં રાખીને કોઈપણ કટોકટીની સ્થિતિમાં ત્વરિત રિસ્પોન્સ માટે સતત સજ્જ રહેવા કલેકટર શ્રી દ્વારા દાહોદ જિલ્લાના અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવી છે. ચોમાસા દરમિયાન નદી-નાળા કે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાય તો તુરંત એલર્ટ મોકલવા અને નાગરિકોની સુરક્ષા માટે તમામ સંબંધિત તંત્રને એલર્ટ મોડ પર રાખવા જણાવ્યું હતું. દાહોદ જિલ્લામાં થઈ રહેલા ભારે વરસાદને પગલે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખીને દાહોદ જિલ્લાના તમામ તાલુકાના શાળાઓ-કોલેજો, આંગણવાડીઓ સહિત શૈક્ષણિક સંસ્થાઓમાં આવતી કાલે તારીખ - 24/07/2026 ના શુકવારના રોજ રજા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ વહેલી સવારથી ખાબકેલા વરસાદના પગલે દાહોદના મુખ્ય બજારમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને જાણે નદીઓ વહેતી હોય તેવા દશ્યો સર્જાયા હતા. વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, વરસાદના આગમનથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોને હવે વાવણી અને પાક માટે આશાનું નવું કિરણ મળ્યું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે

# પંચમહાલની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરાઈ

(પ્રતિનિધિ) ગોધરા, તા.23

પંચમહાલ જિલ્લામાં ભારે વરસાદની આગાહી અને હવામાન વિભાગ દ્વારા અપાયેલા રેડ-એલર્ટને પગલે આજે તારીખ ૨૪ જુલાઈના રોજ જિલ્લાની તમામ શાળાઓ, કોલેજો અને આંગણવાડીઓ સહિતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને નાના બાળકોની સલામતીને અગ્રતા આપતા પંચમહાલ કલેક્ટરની સૂચના મુજબ આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પંચમહાલ (ગોધરા) ના કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયા દ્વારા ૨૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ એક સત્તાવાર પત્ર જારી કરીને સંબંધિત શૈક્ષણિક વડાઓને આ અંગે તાકીદની સૂચના આપવામાં આવી છે. પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ૨૪/૦૭/૨૦૨૬ ના રોજ અતિભારે વરસાદની આગાહી હોવાથી, જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓના બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રજા જાહેર કરવા માટે અધિકાર પરત્વે આગળની ઘટતી કાર્યવાહી સત્વરે કરવી. કલેક્ટરની આ સત્તાવાર સૂચના ગુરુ ગોવિંદ યુનિવર્સિટી અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (હાલોલ) ના રજિસ્ટ્રાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, પોલિટેકનિક અને આઈ.ટી.આઈ.ના આચાર્ય તેમજ પંચમહાલના આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસરને પાઠવવામાં આવી છે. આ આદેશના અમલીકરણના ભાગરૂપે પંચમહાલ જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ તેમજ ખાનગી શાળાઓ, કોલેજો, આઈ.ટી.આઈ, પોલિટેકનિક અને આંગણવાડીઓમાં શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રહેશે.

### દાહોદ જિલ્લામાં વરસાદનુ રેડ એલર્ટ : વહેલી સવારથી મેઘરાજાએ ધડબડાટી બોલાવતાં નગરમાં પાણી જ પાણી જોવા મળ્યું



દાહોદ : દાહોદ જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને ધ્યામાં રાખીને કોઈપણ કટોકટીની સ્થિતિમાં ત્વરિત રિસ્પોન્સ માટે સતત સજ્જ રહેવા કલેકટર શ્રી દ્વારા દાહોદ જિલ્લાના અધિકારીશ્રીઓને સુચના આપવામાં આવી છે. ચોમાસા દરમિયાન નદી-નાળા કે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાય તો તુરંત એલર્ટ મોકલવા અને નાગરિકોની સુરક્ષા માટે તમામ સંબંધિત તંત્રને એલર્ટ મોડ પર રાખવા જણાવ્યું હતું.

### સરપંચના પતિ દ્વારા ગેરકાયદે કબજો જમાવાયો હતો

# કાલોલના વાછાવાડમાં જમીન પર કરવામાં આવેલુ દબાણ દૂર કરાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.23

વાછાવાડ ગ્રામ પંચાયતના સરપંચ પતિ દ્વારા માલિકીની જમીનમાં કરવામાં આવેલ દબાણ ગ્રામ પંચાયત દ્વારા દૂર કરવામાં આવ્યું કાલોલ તાલુકાના વાછાવાડ ગામે માલિકીના સર્વે નં 278 માં આવેલી માલિકીની જમીન જે નિશાબેન ધીરેનકુમાર દરજીના નામની આવેલી છે અને આ જમીનમાં વાછાવાડ ગ્રામ પંચાયતના સરપંચ પતિ કલ્પેશકુમાર કિરણસિંહ રાઠોડ દ્વારા સરકારી ગ્રાન્ટ લેવા માટે કોઈ અધિકારીની મંજૂરી લીધા વગર ઉકરડા ( દબાણ) કરવામાં આવેલ અને આ દબાણ થતા જમીન માલિક દ્વારા સ્થળ તપાસ કરતા ખબર પડી કે આ ઉકરડા પોતાની માલિકીની જમીનમાં સરકારી ગ્રાન્ટ લેવા માટે બનાવેલ છે જેમાં સરપંચ પતિ કલ્પેશકુમાર કિરણસિંહ રાઠોડ તેમજ વિપુલ (વિપલો ) રાજેન્દ્રસિંહ નો જામીન ઉપર છુટકારો થયો હતો અને આ જમીનમાં વાછાવાડ ગ્રામ પંચાયત દ્વારા સરકારી ગ્રાન્ટ લેવા માટે ઉકરડા બનાવ્યા હતા તે બાબતે જમીન માલિક દ્વારા મે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવી હતી અને મે જિલ્લા કલેકટર દ્વારા જમીન સર્વેયરને માપણી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા ત્યારબાદ જમીન માલિક દ્વારા જિલ્લા સ્વાગતમાં કાર્યક્રમમાં રજૂઆત કરતા જીલ્લા કલેક્ટરના હુકમ મુજબ મામલતદાર દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ અને કલેક્ટરના આદેશ મુજબ વાછાવાડ ગ્રામ પંચાયત દ્વારા માલિકીની જમીનમાં બનાવવામાં આવેલા ઉકરડાનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

## ટ્રક પાછળ એકટીવા ઘૂસી જતા પંચેલાના આશાસ્પદ યુવાનનું સ્થળ પર જ મોત

દાહોદ : દેવગઢબારિયા તાલુકા ના પંચેલા ગામે રહેતા ભીમજીભાઈ ભરવાડ ના પુત્ર ૧૯ વર્ષીય બ્રિજેશભાઈ ભીમજીભાઈ ભરવાડ ગતરોજ જેતપુર ગામે પોતાની બહેનના ઘેરે ગયા હતા અને વહેલી પરોઢે બ્રિજેશભાઈ પોતાનું એકટીવા મોપેડ લઈને જેતપુર થી ભરત પોતાના ગામ પંચેલા આવી રહ્યા હતા. બ્રિજેશભાઈ જ્યારે પ્રતાપપુરા ગામ પાસે નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે હાઈવે પર સાઈડમાં એક ટ્રક ઉભી હતી જે દેખાઈ ન હતી. પરિણામે તેમનું એકટીવા ધડાકા ભેર ટ્રકની પાછળ ટાયરના ભાગે ઘૂસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બ્રિજેશભાઈને માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

### રહેણાંક મકાનમાં ધમધમતાં દારૂના અડ્ડા

# પોલીસે દરોડો પાડી રૂ.પલાખથી વધુનો દારૂ-બિયરનો જથ્થો ઝડપ્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.23

ધાનપુર પોલીસની ટીમ રાત્રી પેટ્રોલિંગકરી પરત ફરી રહી હતી તે દરમિયાન નવાનગર ગામે હોળી ફળિયામાં રહેતા બુટલેગર નવલસિંહ ગુમજીભાઈ માવીના કબજા ભોગવટાવાળા રહેણાંક મકાનમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડા પર વિદેશી દારૂનો મોટો જથ્થો હોવાની ગુપ્ત બાતમી ધાનપુર પોલીસને ખાનગી બાતમીદાર દ્વારા મળી હતી . જે બાતમીના આધારે ધાનપુર પોલીસની ટીમે બાતમીમાં દર્શાવેલ નવા નગર ગામના હોળી ફળિયામાં રહેતા નવલસિંહ ગુમજીભાઈ માવી નામના બુટલેગર ના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી હતી. દૂરથી જ પોલીસના માણસોને જોઈ લેતા બુટલેગર નવલસીંગ માવી રાત્રિના નજીક આવેલા ઝાડી-ઝાખરામ અંધારા નો લાભ લઈ મકાન ની પાસે ગલી માંથી થઈ નાસી ગયો હતો. પોલીસે બુટલેગર નવલસિંહ માવીના કબજા ભોગવટાવાળા રહેણાંક મકાનમાંથી બીયર ટીનની પેટીઓ નંગ-૩૮માં ભરેલ બીયર ટીન નંગ- ૯૧૨, રોયલ સ્ટેગ વિસ્કીની કાચની બોટલની પેટીઓ નંગ-૧૮ માં ભરેલ બોટલ નંગ-૮૬૪ તથા બેગ પાઈપર ડીલક્ષ વિસ્કીની કાચની બોટલની પેટીઓ નંગ-૧૯ માં ભરેલ બોટલ નંગ-૯૧૨ મળી રૂપિયા ૫,૦૫,૫૩૬/- ની કુલ કિંમતની કુલ બોટલ નંગ-૨,૬૮૮ પકડી પાડી કબજે લઈ આ સંબંધે બુટલેગર નવલસિંહ ભુમજીભાઈ માવી વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલની બેકરીમાં પરપ્રાંતિય કારીગરની માહિતી ન આપતા સંચાલક સામે ગુનો નોંધાયો

કાલોલ : જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ કાલોલ સ્થિત એક બેકરીના સંચાલક વિરુદ્ધ સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. એસ.ઓ.જી. શાખા દ્વારા હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન આ બેદરકારી સામે આવી હતી. એસ.ઓ.જી. ગોધરા પોલીસની ટીમ કાલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી માહિતીના આધારે કાશીમાબાદ સોસાયટીમાં આવેલી 'એકતા બેકરી' પર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન બેકરીમાં ઉત્તર પ્રદેશના એક કામદાર મજૂરી કામ કરતા મળી આવ્યા હતા પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે બેકરી સંચાલક મોહમદ કેફ અંસારીએ છેલ્લા છ દિવસથી આ કામદારને રાખેલ હોવાનું અને કામદારનું કોઈ આઈ.ડી. પ્રોફ (ઓળખપત્ર) મેળવવામાં આવ્યું નહોતું. સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આ પરપ્રાંતીય કામદાર અંગેની કોઈ જ નોંધણી કે જાણ કરવામાં આવી નહોતી.

### પોલીસ ફરાર વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો

# કાલોલ હાઈવે પર હાઈવા ટ્રેલરે બાઈકને ટક્કર મારતાં વૃદ્ધ ઈજાગ્રસ્ત, ચાલક ફરાર

(પ્રતિનિધિ) કાલોલ, તા.23

કાલોલ તાલુકાના મધવાસ ગામે રહેતા દલપતસિંહ ભારતસિંહ પરમાર ગત તા. ૧૯/૦૭/૨૦૨૬ ના રોજ સાંજના છ એક વાગ્યાના અરસામાં પોતાની હીરો સુપર સ્પ્લેન્ડર મોટરસાઈકલ નંબર GJ-17-CG-4552 લઈને કાલોલ બજારમાં શાકભાજી લેવા નીકળ્યા હતા. તે દરમિયાન હાલોલ તરફથી આવી રહેલા એક ટાટા કંપનીના હાઈવા ટ્રેલરે કાલોલ ગધેડી ફળિયાના નાકા પાસે સાંઈ હોટલ સામે તેમની બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર વાગતાં જ દલપતસિંહ રોડ પર પટકાતાં તેમને ડાબી આંખના ઉપરના ભાગે, ડાબા ખભે, જમણા પગે તેમજ ડાબા પગના અંગૂઠા પર ગંભીર ઈજાઓ પહોંચી હતી.અકસ્માતની જાણ થતાં જ સ્થાનિકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત દલપતસિંહને ટ્રેલર માંથી બહાર કાઢી તાત્કાલિક કાલોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર અર્થે તેમને કાલોલની સિદ્ધિ વિનાયક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ, તેમની પુત્રી પ્રતિમાબેન દલપતસિંહ પરમાર (રહે. ગોઠડા, તા. સાવલી, જી. વડોદરા) એ કાલોલ પોલીસ સ્ટેશન ખાતે આવીને અજાણ્યા હાઈવા ટ્રેલર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર હાઈવા ટ્રેલરના માલિક દેલોલ ગામના ભરવાડ દેવાભાઈ હોવાનું જાણવા મળ્યું છે.

### હાલોલ બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિકનું મોટું 'એક્સપોર્ટ હબ' બનશે: રાજ્ય વન અને પર્યાવરણ મંત્રી

# હાલોલ GIDC ખાતે માત્ર 180 દિવસમાં ઓગળી જાય તેવી 'કમ્પોસ્ટેબલ કેરી બેગ' પ્લાન્ટનો પ્રારંભ

(પ્રતિનિધિ) હાલોલ, તા.23

કેન્દ્ર અને રાજ્ય સરકારના 'પ્લાસ્ટિક મુક્ત ભારત' અભિયાનને વેગ આપવા માટે પંચમહાલ જિલ્લાના હાલોલ જી.આઈ.ડી.સી. ખાતે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણ માળી દ્વારા હાલોલ ખાતે પર્યાવરણ અનુકૂળ કમ્પોસ્ટેબલ કેરી બેગ બનાવવાના નવતર પ્લાન્ટનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેઓએ આગામી સમયમાં હાલોલ GIDC માં આવા વધુ 50 જેટલા કમ્પોસ્ટેબલ કેરી બેગ બનાવવાના પ્લાન્ટ શરૂ કરવાની મહત્વની જાહેરાત પણ કરી હતી. આ પ્રસંગે રાજ્ય વન અને પર્યાવરણ મંત્રી પ્રવિણભાઈ માળીએ જણાવ્યું હતું



કે, "કેન્દ્ર સરકારે ૧૫૦ માઈક્રોનથી નીચેના સિંગલ યુઝ પ્લાસ્ટિક પર નિયંત્રણો મૂક્યા છે, ત્યારથી તેના પર્યાવરણીય વિકલ્પો શોધવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. તે જ દિશામાં આજે હાલોલ વિસ્તાર ખાતે બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક અને બેગના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ પ્લાસ્ટિક ઉત્પાદકોને (મેન્યુફેક્ચરર્સ) આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અહીં ૫૦ થી વધુ પ્લાસ્ટિક ઉત્પાદકોએ સ્વયં બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક બેગ બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે, જે ખૂબ જ આનંદની વાત છે. આવનારા સમયમાં સમગ્ર રાજ્યમાં જે પણ પ્લાસ્ટિક વપરાશે તે બાયોડિગ્રેડેબલ હશે, જેનાથી પર્યાવરણની જાળવણી થશે અને ગૌમાતાના સ્વાસ્થ્ય રક્ષણમાં પણ મોટો ફાયદો થશે.

## ફતેપુરા આર્ટ્સ કોલેજમાં આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સુખસર : દાહોદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. ઉદયકુમાર ટીલાવત, જિલ્લા ક્ષય અધિકારી શ્રી ડૉ. આર. ડી. પહાડિયા તથા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. સુરેશ વી. અમલીયારના માર્ગદર્શન હેઠળ ફતેપુરા આર્ટ્સ કોલેજ ખાતે રેડ રિબન ક્લબ અંતર્ગત આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે 218 વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સુખસર પોલીસે કારમાંથી દારૂનો જથ્થો ઝડપ્યો

સુખસર : સુખસર પોલીસ ગતરોજ રાત્રીના 10 થી 11 વાગ્યાના અરસામાં પેટ્રોલિંગમાં નીકળેલ હતા. તેવા સમયે પોલીસને બાતમી મળેલ કે, સુખસર થી ઝાલોદ તરફ જતા હાઈવે માર્ગ ઉપરથી ફિગો ગાડીમાં ઈંગ્લિશ દારૂ બિયરના ટીન લઈ બુટલેગરો પસાર થવાના હોવાની બાતમી મળતા સુખસર પોલીસ બાતમી વાળી ગાડીની તલાશમાં હતા.ત્યારે બાતમી વાળી ફિગો કાર નંબર જીજે- 06-પીસી-5671 આવતા પોલીસે ગાડીને ઉભી રાખવા ઈશારો કરતા કાર ચાલક પોતાના કબજાની કારને લઈ ભાગવાની કોશિશ કરી હતી. ત્યારે પોલીસે તેનો પીછો કરતા કાર ચાલક પોતાના કબજાની ગાડીને લઈને ભાગી છુટ્યો હતો.

## રણધીકપુર પોલીસે રૂ.૧.૪૩ લાખના દારૂના જથ્થાનો નાશ કર્યો

સીંગવડ : પ્રોહિબિશનને લઈને સખત વલણ અપનાવીને સિંગવડ તાલુકાના રણધીકપુર પોલીસ સ્ટેશન દ્વારા અલગ અલગ જગ્યાએથી છેલ્લા સમયગાળામાં વિદેશી દારૂના 31 કેસ શોધી કાઢવામાં આવ્યા હતા. આ 31 કેસમાં પોલીસે કુલ 651 બોટલ વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલ દારૂની અંદાજિત કિંમત 1,43,442/- થાય છે. કાયદા મુજબની તમામ કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આ તમામ મુદ્દામાલને રણધીકપુર પોલીસ સ્ટેશનથી પીકઅપમાં ભરીને દાહોદ ખાતે લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં બીજા બધા તાલુકાના સાથે સિંગવડ તાલુકાના રણધીપુર પોલીસ સ્ટેશન નો વિદેશી દારૂનો સત્તાવાર રીતે તેનો નાશ કરવામાં આવ્યો હતો.

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં**

અરજદાર :- કલારા ભારતીબેન રમેશભાઈ — કેસ.નં.૮૪/૨૦૨૬
રહે. પટવાણ તા. લીમખેડા જિ. દાહોદ — તા.૨૩-૦૭-૨૦૨૬
વિરૂધ્ધ
સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, પટવાણ તા. લીમખેડા જિ. દાહોદ

**જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી કલારા ભારતીબેન રમેશભાઈ રહે. પટવાણા તા.જિ. દાહોદએ તેમના પોતાનો જન્મ ત. ૨૬-૦૫-૨૦૦૪ના રોજ પટવાણ તા. લીમખેડા જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, પટવાણ, તા. લીમખેડા, જિ. દાહોદના જન્મનોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના પોતાના જન્મ દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ નં. ૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૨૩ માહે જુલાઈ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/- એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર લીમખેડા

**જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં**

અરજદાર :- ડામોર હરસિંહભાઈ ખુમાનભાઈ — કેસ નં.૨૮૮/૨૯૧/૨૦૨૬
રહે. ચીલાકોટા, તા. લીમખેડા જિ. દાહોદ — તા.૨૩-૦૭-૨૦૨૬
વિરૂધ્ધ
સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, ચીલાકોટા, તા. લીમખેડા જિ. દાહોદ

**જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર હરસિંહભાઈ ખુમાનભાઈ રહે. ચીલાકોટા, તા લીમખેડા .જિ. દાહોદએ તેમના સંતાનો (૧) પુત્ર નામે ડામોર જીગ્નેશભાઈ નરસિંહનો જન્મ તા. ૨૫-૧૦-૨૦૧૫ના રોજ (૨) તેમની પુત્રી નામે ડામોર રોહિનાબેન હરસિંહનો જન્મ તા. ૧૦-૦૫-૨૦૧૭ના રોજ ચીલાકોટા તા. લીમખેડા જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર/પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, ચીલાકોટા, તા. લીમખેડા, જિ. દાહોદના જન્મનોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમની પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ નં.૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૨૩ માહે જુલાઈ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/- એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર લીમખેડા